# GUJARAT TECHNOLOGICAL UNIVERSITY
(Established by Government of Gujarat under Gujarat Act No. : 20 of 2007)
# ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી
(ગુજરાત સરકારના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૦/૨૦૦૭ દ્વારા સ્થાપિત)

જા. ક્ર. નં. : જી.ટી.યુ/સ્પોર્ટ્સ/૨૦૨૧/ 3703 તારીખ:-14/07 /૨૦૨૧

## પરિપત્ર

વિષય :- ગુરુપૂર્ણિમા પ્રસંગે આચાર્ય વંદના કાર્યક્રમ બાબત.

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સંલગ્ન તમામ સંસ્થાઓને જાણ થાય કે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી અને INITIATIVE FOR MORAL AND CULTURAL TRAINING FOUNDATION ના સયુંકત ઉપક્રમે આ વર્ષે ગુરુપૂર્ણિમા ના પ્રસંગે આચાર્ય વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ દ્વારા ગુરુપૂર્ણિમાનું મહત્વ વધુમાં વધુ લોકો સુધી પહોચે તેવો ઉદેશ્ય છે.

યુનિવર્સિટીના સંલગ્ન તમામ સંસ્થાના કર્મચારીઓ/વિદ્યાર્થીઓ તથા વાલીગણને આચાર્ય વંદના માટે રજીસ્ટ્રેશન કરવા જણાવવામાં આવે છે. સંસ્થાઓ/વિદ્યાર્થીઓ તથા વાલીગણ પણ આચાર્ય વંદના માટે પોતાની રીતે અલગથી કાર્યક્રમનું આયોજન કરી શકશે.

કાર્યક્રમ અંતર્ગત અહેવાલ ઈ-મેઈલ sports@gtu.edu.in પર મોકલશો. વધુ માહિતી માટે ૦૭૯-૨૩૨૬૭૬૩૨ પર સંપર્ક કરશો.

| | |
|---|---|
| કાર્યક્રમ | : આચાર્ય વંદના |
| તારીખ | : ૨૪ જુલાઈ ૨૦૨૧ શનિવાર, (ગુરુપૂર્ણિમા) |
| સમય | : સવારે ૧૦:૦૦ થી ૧૧:૦૦ |
| રજીસ્ટ્રેશન લીંક | : https://forms.gle/VzTamRVUNLEkgGqc6 |

કુલસચિવ

પ્રતિ,

(૧) આચાર્યશ્રી / ડાયરેક્ટરશ્રી જી.ટી.યુ. સંલગ્ન તમામ સંસ્થાઓ

(૨) પી.એ / પી.એસ. ટુ માનનીય કુલપતિશ્રી

(૩) પી.એ. ટુ માનનીય કુલસચિવ

Winners of: "Most Promising University of India 2020" ❖ "1st rank Among All Universities in Gujarat 2020 by Uni Rank" ❖ "1st Rank in Gujarat State Institutional Ratings Framework (GSIRF) 2019" ❖ "National Leadership Excellence Award 2019 in Technical Education" ❖ "India's Most Trusted State University 2019 " ❖ "Outstanding University in West India 2019"

Head office : GTU Campus, Nr. Visat Three Road , Visat-Gandhinagar Road , Chandkheda, Ahmedabad - 382 424. Gujarat, India.
Phone .:- +91 079-23267521/570 e-mail : info@gtu.ac.in Website : www.gtu.ac.in

**INITIATIVE FOR MORAL AND CULTURAL TRAINING FOUNDATION** In Association with **GUJARAT TECHNOLOGICAL UNIVERSITY**

ESTD - 2007

નમસ્કાર,

IMCTF સમાજ જીવનમાં ભારતીય જીવનમૂલ્યોને વ્યવહારમાં લાવવાનો નમ્ર પ્રયાસ કરી રહ્યું છે. જેના અંતર્ગત પ્રકૃતિ સંવર્ધન, માનવીય અને પારિવારિક મૂલ્યોનું સંવર્ધન, નારી સન્માન અને સંરક્ષણ અને રાષ્ટ્રભક્તિ જાગરણને લગતા કાર્યક્રમોનું આયોજન થાય છે.

IMCTF દ્વારા માનવીય અને પારિવારિક મૂલ્યોના સંવર્ધન અંતર્ગત માતૃ-પિતૃ વંદન, અતિથિ વંદન અને આચાર્ય વંદન જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

ગુરુપૂર્ણિમાના પાવન પ્રસંગે વિદ્યાર્થીઓએ પોતાના આચાર્યનો આદર કરવો જોઇએ, તે શાશ્વત પરંપરા છે. આ વર્ષની ગુરુપૂર્ણિમા

**૨૪ જુલાઈ ૨૦૨૧ ને શનિવારના** રોજ છે.

**આવો! આપણે બધા સાથે મળીને આચાર્ય વંદનના કાર્યક્રમનું આયોજન કરીએ.**

આપણે બધા સારી રીતે જાણીએ છીએ કે વિદ્યાર્થી શિક્ષક પાસેથી જ જ્ઞાન મેળવે છે. વર્તમાન સમયમાં એક શિક્ષક સૂચિત અભ્યાસક્રમ વાંચવાની પ્રક્રિયા દ્વારા વિદ્યાર્થીના માનસને ભરવાની પ્રક્રિયાને તેના કર્મ અને ધર્મ ગણે છે. જો આપણે થોડું ઉંડાણ પૂર્વક વિચારીએ તો ધ્યાનમાં આવે છે કે વિદ્યાર્થીના મનમાં કંઈક જાણવાની ઇચ્છા જગાડવી એ આચાર્યનું મૂળભૂત કાર્ય છે. બીજ સ્વરૂપમાં વિદ્યમાન તેની પૂર્ણતાની અભિવ્યક્તિ આના દ્વારા જ થશે. વાસ્તવિક શિક્ષણ આ જ છે. વિદ્યાર્થીની દરેક જિજ્ઞાસાના સમાધાન અને પછી નવી જિજ્ઞાસાઓને જાગૃત કરવાં, આ જ જ્ઞાન પ્રાપ્ત કરવાની પ્રક્રિયા છે. જે આચાર્ય આ પ્રક્રિયાને રસપ્રદ અને આનંદદાયક બનાવવામાં સફળ થાય છે, તે વિદ્યાર્થીના હૃદયમાં ગુરુની જગ્યા બનાવીને સ્થાપિત થાય છે. ગુરુ- આચાર્ય તેમના આચરણ દ્વારા, તે વિદ્યાર્થીના મનમાં શ્રધ્ધા અને આદર મેળવે છે. પરિણામે, તેના જ્ઞાનની પ્રાપ્તિનો માર્ગ સરળ થઈ જાય છે.

**"શ્રધ્ધાવાન લભતે જ્ઞાનમ્"**

ગુરુપૂર્ણિમા આ આદર વ્યક્ત કરવાનો એક પ્રસંગ છે. આ પ્રસંગે પોત-પોતાની શાળા કે શિક્ષણ કેન્દ્રમાં આચાર્ય વંદનનો કાર્યક્રમ યોજીને આ સનાતન પ્રક્રિયાને જાળવવામાં સહભાગી થશો એવી આપને વિનમ્ર વિનંતી છે. આચાર્ય પ્રત્યેના આદરરુપ આ જીવનમૂલ્ય સ્થાપિત કરવા માટે IMCTF ના આ કાર્યક્રમને સફળ બનાવવા માટે તમામ પ્રકારના સહકાર આપવાની આ નમ્ર પ્રાર્થના છે.

કાર્યક્રમ - આચાર્ય વંદના

**તારીખ- ગુરુપૂર્ણિમા, વિક્રમ સંવત ૨૦૭૭; ૨૪ જુલાઈ ૨૦૨૧ શનિવાર**

**સમય - સવારે ૧૦:૦૦ થી ૧૧:૦૦**

**સ્થળ - તમારું પોતાનું નિવાસસ્થાન/કુટુંબ અન્યથા તમારી પોતાનું વિધ્યાલય/ મહાવિધ્યાલય**

**માધ્યમ – આભાસી (virtual) અથવા જીવંત કાર્યક્રમ**

વિશેષ નમ્ર વિનંતી – દરેક શાળા, કોલેજના વિદ્યાર્થીઓ અને શિક્ષકો,આચાર્યગણ અને પ્રાધ્યાપકો અને પ્રત્યેક પરિવાર, આપની સંસ્થાના માધ્યમથી આ કાર્યક્રમમાં સામેલ થાય તેવો વિનમ્ર અનુગ્રહ છે.